## વડીલોને વંદન અભિનંદન



સુશીલાબેન કે. ભાવસાર
(૧૯૩૮) મો. ૯૭૨૩૬૭૧૫૫૪

### હિંમતનગરના ભોલેશ્વર ચેકડેમમાં યુવાનનું ડુબી જવાથી મોત

હિંમતનગર, તા.૨૧

હિંમતનગર શહેરની હાથમતી નદી પર બનાવેલ ભોલેશ્વર ચેકડેમ પાસે બુધવારે બપોરે એક વાગ્યાના સુમારે ભોલેશ્વરના રહીશ ૩૦ વર્ષીય દિનેશભાઈ નરસિંહભાઈ ભીલ કપડા ધોવા ગયેલા જયાં અચાનક દિનેશભાઈનો પગ લપસતા ચેકડેમમાં પડી જતા ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયેલા. આ અંગે તંત્રને જાણ થતા હિંમતનગર નગરપાલિકાના ફાયર બ્રિગેડ તાત્કાલિક સ્ટાફ સાથે સ્થળ પર આવી ગયા હતા અને ડુબી ગયેલા દિનેશના મૃતદેહને બહાર કાઢયો હતો અને હિંમતનગર સિવિલમાં પી.એમ. અર્થે મોકલી આપ્યો હતો.

### રાજસ્થાનની પંચાયતોના જૂથે પુંસરી ગામની મુલાકાત લીધી

હરસોલ, તા.૨૧

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકામાં સ્થિત એવોર્ડ વિજેતા પુંસરી ગ્રામ પંચાયતની આજે રાજસ્થાનના ૩૦૦ જેટલા પંચાયતના સદસ્યોના એક જૂથે મુલાકાત લીધી હતી અને પુંસરી ગ્રામ પંચાયતની સમગ્ર કામગીરીને ઉંડાણ પૂર્વક નિહાળી વખાણી હતી.

સમગ્ર દેશમાં શ્રેષ્ઠ ગ્રામ પંચાયત તરીકેનો એવોર્ડ મેળવનાર તલોદ તાલુકાના પુંસરી ગ્રામ પંચાયતની આજે પડોશી રાજય રાજસ્થાનના એક જૂથે મુલાકાત લીધી હતી. ૩૦૦ જેટલા પંચાયત સદસ્યોના બનેલા આ જૂથે ગ્રામ પંચાયતમાં ચાલતી મફત બસ સેવા સહિતના અનેક વિકાસના કાર્યોને નિહાળ્યા હતા અને ગામના સરપંચ સહિત ગ્રામજનો પાસેથી અનેક પ્રેરણા મેળવી હતી અને પુંસરી ગામના વિકાસની જેમ રાજસ્થાનની ગ્રામ પંચાયતોમાં વિકાસની ખુશ્બુ ફેલાવવા જણાવ્યું હતું.

# પ્રભારી સચિવોની કામગીરીનું મૂલ્યાંકન કરાશે

## છેલ્લા બે વર્ષ દરમિયાન કરેલ કામગીરી અંગે અને ભાવી આયોજન અંગે સચિવો પાસે અહેવાલ મંગાવાયા

ગાંધીનગર, તા.૨૧

પ્રભારી જિલ્લામાં પ્રભારી સચિવોદ્વારા કરવામાંઆવેલી કામગીરી અંગેનું મુલ્યાંકન રાજ્ય સરકાર દ્વારા કરવામાંઆવનાર છે. આ માટેપ્રભારી સચિવોને તેમની કામગીરીનો અહેવાલ રજૂ કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા પ્રજાલક્ષી યોજનાઓ અમલમાં મૂકવામાં આવેલી છે. આ યોજનાના અમલીકરણ માટે ગ્રાન્ટો પણ વિભાગોને ફાળવવામાં આવેલી છે.

જીલ્લા તંત્ર દ્વારા જિલ્લામાં આ યોજનાઓનું અસરકારક મોનીટરીંગ થાય છે કે નહીં, યોજનાઓનો અમલ થાય છે કે નહિ, વિકાસ સામો સમયસર હાથ ધરવામાં આવે છે કે નહીં ? લાભાર્થીઓને યોજના યોજનાના લાભો મળે છે કે નહિ ? આ તમામ બાબતોના મોનીટરીંગ માટે રાજ્ય સરકાર દ્વારા વિભાગોના વડાઓની પ્રભારી સચિવો તરીકે નિમણુંક કરીને જિલ્લાની જવાબદારી સોંપવામાં આવેલી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ પ્રભારી સચિવોને મહિનામાં બે વાર જિલ્લાનો પ્રવાસ ખેડીને જિલ્લા જીલ્લા તંત્ર સાથે બેઠકો કરીને જીલ્લા તંત્ર દ્વારા કરવામાં આવતી કામગીરીની સમીક્ષા કરીને તેમને માર્ગદર્શન આપવાનું હોય છે. અને યોજનાઓનું અસરકારક કામ થાય તેનું મોનીટરીંગ કરવાનું હોય છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ થોડા સમય અગાઉ મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં મુખ્યમંત્રીએ પ્રભારી સચિવોએ કરેલી કામગીરીનો અહેવાલ મેળવવા માટે આદેશ આપ્યો હતો. આ આદેસના પગલે તાજેતરમાં રાજ્યના સામાન્ય વહીવટ વિભાગે તમામ જિલ્લા પ્રભારી સચિવોને એક પત્રક મોકલી આપીને છેલ્લા બે વર્ષ દરમિયાન શું શું કામગીરી કરવામાં આવી, કેટલી સિદ્ધિઓ મેળવવામાં આવી, આ ઉપરાંત આગામી દિવસોમાં જિલ્લામાં - તાલુકામાં કેવા કેવા કામો હાથ ધરવાની જરૂરિયાત છે એ અંગેના વિઝન સાથેનો અહેવાલ તૈયાર કરીને સરકારમાં રજૂ કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

આ ઉપરાંત પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં આવેલા એવા છેવાડાના સ્થળની મહિનામાં ઓછામાં ઓછા એકવાર મુલાકાત લેવા સચિવોને સૂચના આપવામાં આવી છે. તેમજ તે સ્થળે તેમના વિભાગને લગતી યોજના પ્રવૃત્તિ હાથ ધરાઈ રહેલ હોય તેનું મુલ્યાંકન કરવામાં આવે.

# ધો-૭નાં સંસ્કૃત અને અંગ્રેજીના પાઠ્યપુસ્તક હજુ પહોંચ્યા નથી

અમદાવાદ, તા.૨૧

રાજ્ય સરકાર એક બાજુ શાળા પ્રવેશોત્સવ અને ગુણોત્સવના નામે કરોડો રૂપિયાનો ધુમાડો કરે છે બીજી બાજુ આજ તંત્ર બાળકોને પાઠ્યપુસ્તકો પુરા પાડવામાં ઉણું ઉતર્યું છે. રાજ્યની ૫૦ ટકા કરતા વધુ શાળાઓમાં હજુ સુધી ધોરણ-૭ના સંસ્કૃત અને અંગ્રેજીના પુસ્તક મળ્યા જ નથી. શાળાઓ ખુલ્યે બે મહીના કરતા વધુ સમય વીતી ચુક્યો હોવા છતાં પુસ્તકો નહીં મળતાં વાલીઓમાં શિક્ષણ વિભાગ પ્રત્યે કચવાટ ઉભો થયો છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્યમાં શૈક્ષણિક સત્ર શરૂ થયે બે મહીના કરતા વધુ સમય પસાર થઈ ચુક્યો છે. જો કે આટલો સમય વિતવા છતાં રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ રાજ્યની ૫૦ ટકા શાળાઓમાં ધોરણ-૭નું સંસ્કૃતનું પુસ્તક પહોંચાડવામાં નિષ્ફળ રહ્યું છે. કેટલાંક શાળાઓમાં જુના પાઠ્યપુસ્તકોના આધારે અભ્યાસ ચાલી રહ્યો છે પરંતુ મોટાભાગની શાળાઓના બાળકોએ તો વગર પાઠ્યપુસ્તક જ સંસ્કૃતનો અભ્યાસ કરવો પડી રહ્યો છે. બીજી બાજુ રાજ્યની પગાર કેન્દ્ર પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૭નું અંગ્રેજીનું પેપર પણ મળ્યું નથી. કેટલીક શાળાઓમાં પુસ્તક પહોંચ્યા છે પરંતુ તે પણ કુલ વિદ્યાર્થીઓની સંખ્યાનાં ૨૫ થી ૩૦ ટકા કે ૭૦ ટકા વિદ્યાર્થીઓ આજે પણ પાઠ્યપુસ્તક મળ્યા નથી શાળાઓ દ્વારા પાઠ્યપુસ્તક માટે અનેક વખત પે-કેન્દ્રમાં પણ રજુઆત કરવામાં આવી છે પરંતુ હજુ સુધી પાઠ્યપુસ્તકો તો દુર તેમની રજુઆતનો જવાબ પણ ન મળ્યો હોવાનું આચાર્યો જણાવી રહ્યા છે.

આ અંગે પાઠ્યપુસ્તક મંડળના સુત્રો દ્વારા થતી માહિતી મુજબ ચાલુ વર્ષે ધોરણ-૭ના સંસ્કૃતના પાઠ્યપુસ્તકોની તંગી હોવાની વિગતો બહાર આવી છે જો કે ધોરણ-૭ના અંગ્રેજીનું પાઠ્યપુસ્તક પણ વિદ્યાર્થીઓને મળવા અંગે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. ઉલ્લેખનીય છે કે રાજ્યમાં ચાલુ વર્ષે ૧૪ જુનથી શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો હતો જો કે પાઠ્યપુસ્તકમાં કેટલીક ભુલો હોવાથી પાઠ્યપુસ્તક મંડળે નવા પાઠ્યપુસ્તકો છપાવવાની જાહેરાત કરી હતી. જો કે પુસ્તક વિક્રેતાઓએ પોતાનો જુનો જથ્થો પસ્તી થઈ જાય તે માટે નવા પાઠ્યપુસ્તકોની જગ્યાએ સુધારાની પુરવણી આપવા રજુઆત કરી હતી. જો કે આ અંગે વિવાદ વકર્યો હતો જેનો ભોગ વિદ્યાર્થીઓ બની રહ્યા હોવાનું આક્ષેપ વાલીઓ કરી રહ્યા છે.



પ્રાંતિજના મુખ્ય બજાર તરફથી પુરપાટ ઝડપે દોડી આવતી એક જીપના ચાલકે અબોલ પશુને ગળાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી નાશી છૂટયો હતો અને આ મામલે જીવદયાપ્રેમીઓએ પોલીસને જાણ કરતા પોલીસે ફરિયાદ નોંધી ફરાર જીપ ચાલકની શોધખોળ હાથ ધરી છે. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# એક્યુપ્રેશરની પદ્ધતિથી સંપૂર્ણ રોગો મટાડી શકાય છે : ડૉ. રામ

(ધીરેન પટેલ દ્વારા) ગાંધીનગર, તા.૨૧

ભારતીય સંસ્કૃતિ પ્રમાણે રોગોના ઉપચારમાં આયુર્વેદિક અને એક્યુપ્રેશરનું મહત્વ વેદો અને ઉપનિષદોમાં લખાયું છે. એક્યુપ્રેશરથી શરીરના ૭૦થી વધુ જટીલ રોગોના ઉપચાર શક્ય છે અને માત્ર ને માત્ર સેકન્ડોમાં ઘણીબધી એલોપેથીક દવાઓ દિવસોમાં કામ કરતી હોય છે. પરંતુ એક્યુપ્રેશર એ માત્ર ને માત્ર સેકન્ડોમાં જ શરીર ઉપર અસર બતાવી અને ફરક અનુભવાતો હોય છે.



(તસવીર : નિકેશ બારોટ)

મહેસાણા જીલ્લાના કડી તાલુકાના ખડેરાવપુરા ગામના વતની ડૉ. રામ પોતે એક્યુપ્રેશરથી ઘણા બધા દર્દીઓને પોતાના પગ ઉપર ચાલતા કર્યા છે. તેમણે પોતાની એક્યુપ્રેશરની સારવાર પદ્ધતિથી ડાયાબીટીશ જેવા હઠીલા રોગોનો પણ ઈલાજ કર્યો છે. તે રોગ માટે કોઈને ડાયાબીટીશની દવા બંધ કરવાનું નથી કહેતા પરંતુ રાત્રે સુતી વખતે મોરસ લઈ સુવાની વાત કરે છે. કારણ કે તેમને તેમની પદ્ધતિ ઉપર એટલો વિશ્વાસ છે કે, આ પદ્ધતિથી ડાયાબીટીશ તરત જ ઓછું થવા લાગશે. તે વધુમાં જણાવે છે કે, કોઈપણ પ્રકારના રોગો હોય અને ગમે તેવા પ્રકારનું ઓપરેશન કરાવવાનું હોય તેવા કોઈપણ દર્દી તેમને મળ્યા બાદ જ ઓપરેશન કરાવે તેવી ઈચ્છી રહ્યા છે. તે જણાવે છે કે, તે કોઈપણ રોગોમાં એક્યુપ્રેશરની મદદથી રોગ ઉપર વિજય મેળવી શકાય છે. આની મદદથી તેમણે સાંધાના દુ:ખાવાવાળા દર્દી જેમની ઉમર ૭૬ અને ૯૩ વર્ષની હતી તેમને પણ આ જ પદ્ધતિથી લાભ થયો હોય તેવું જાણવા મળ્યું છે. ડાયાબીટીશમાં રાહત થઈ હોય તેવા ગાંધીનગરના ઘણાં દર્દીઓ છેલ્લા ૪ માસથી ડાયાબીટીશની ગોળ ગળતા નથી. પહેલાં તેમને જમ્યા પહેલા સવાર - સાંજ ગોળી લેવી પડતી હતી.

વધુમાં ડૉક્ટરે જણાવ્યું હતું કે, રાત્રે સુતા પહેલા અને વહેલી સવારે ૧ કલાક ખુલ્લા પગે જમીન ઉપર ચાલવાથી શરીરમાં ઘણા બધા રોગો ઉપર કાબુ મેળવી શકાય છે. જે વ્યક્તિઓએ બાયપાસ સર્જરી કરાવી હોય તેમણે સંપૂર્ણપણે રાંધેલો ખોરાક બંધ કરી દેવો જોઈએ. તેમજ કોરું, દુધી, પરવળના જ્યુસ ઉપર જ રહેવું તેવું જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, સંપૂર્ણ રોગોનું મૂળ વધારે પડતું મીઠું, તીખું, ખાટું અને તળેલું અને ગળપણ આ વધારે પડતું લેવાથી વિવિધ રોગો ફેલાતા હોય છે. ડૉક્ટર રામે એમ પણ જણાવ્યું હતું કે, તેમને આ પ્રાચીન વિદ્યા ભારતના મહાન સંતોના આશીર્વાદથી કામ કરી સમાજમાં પીડાતા લોકોની સેવા અર્થે કરવાનો નિર્ધાર કર્યો છે.

# ભારતીય કિસાન સંઘના માર્ગદર્શક ડૉ. મૂળશંકર ઉપાધ્યાયની જેફવયે ચિરવિદાય

ગાંધીનગર, તા. ૨૧

બાલ્યકાળથી સ્વયંસેવક એવા રાષ્ટ્રીય વિચારધારા સાથે સંપૂર્ણ જીવન શરૂઆતથી અંત સુધી રાષ્ટ્રીય વિચારધારાના સંવાહક તરીકે પોતાના જીવનને સમર્પિત કરીને અનેક સંસ્થાઓના માર્ગદર્શક, પ્રેરક, લેખક, ચિંતક અને સહકારી ક્ષેત્રના ઊંડા અભ્યાસુ એવા ડૉ. શંકરનના હુલામણા નામેથી જાણીતા ડૉ. મુળશંકર ઉપાધ્યાય સાહેબનું ગઈ કાલે સાંજે ૮૦ વર્ષની ઉંમરે ટૂંકી માંદગીને કારણે દુ:ખદ નિધન થયું છે. તેઓ ભારતીય કિસાન સંઘની સ્થઆપના કાળથી (વર્ષ ૧૯૮૫) થી સતત માર્ગદર્શન મેળવનાર ભારતીય કિસાન સંઘે પોતાના વાલી અને માર્ગદર્શન એવા વયોવૃદ્ધ વડીલની છત્રછાયા ગુમાવવાના કારણે ન પુરાય તેવી ખોટ ભારતીય કિસાનસંઘને પડી છે. ડૉ. સાહેબ રાષ્ટ્રીય સ્વયં સેવકની ભગીની સંસ્થાઓ માટે પણ માનદ સલાહકાર અને માર્ગદર્શક તરીકે જવાબદારી પણ સંભાળતા હતા. તેમને સહકાર ક્ષેત્રનો ઊંડો અભ્યાસ કરીને સહકારની સિદ્ધિઓ ઉપર ડૉકટરેટની ઉપાધિ પણ મેળવી હતી.

ભારતીય કિસાન સંઘ તેમના પરિવાર પ્રત્યે ઊંડા દુ:ખની લાગણી વ્યક્ત કરે છે. પ્રભુ તેમના આત્માને ચિર શાંતિ આપે તેવી પ્રાર્થના કરે છે.

# આવતીકાલે ભાજપના વિવિધ મોરચાઓ અને વિવિધ સેલની સંયુકત પ્રદેશ બેઠક

ગાંધીનગર, તા.૨૧

પ્રદેશ પ્રવકતા શ્રી આઈ.કે. જાડેજાએ જણાવ્યું છે કે, પ્રદેશના વિવિધ મોરચાઓ અને વિવિધ સેલની સંયુકત પ્રદેશ બેઠક તા. ૨૩ ઓગસ્ટને શુક્રવારના રોજ પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુની અધ્યક્ષતામાં મળશે. જેમાં માન. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી શ્રી વી. સતીષજી વિશેષ ઉપસ્થિત રહેશે.

શ્રી જાડેજાએ જણાવ્યું હતું કે ગાંધીનગર ટાઉન હોલ ખાતે મળનારી આ બેઠકમાં વિવિધ મોરચાના પ્રદેશ હોદ્દેદારશ્રીઓ, પ્રદેશ સેલના કન્વીનરશ્રીઓ અને ઝોન કન્વીનરશ્રીઓ, પ્રદેશના પદાધિકારીઓ અને જિલ્લા પ્રભારીશ્રીઓ, જિલ્લાના પ્રમુખ-મહામંત્રીશ્રીઓ, વિવિધ મોરચાના પ્રદેશ કારોબારી અને આમંત્રિત સભ્યો તેમજ મહિલા, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ સમાજમાંથી ચૂંટાયેલા સંસદસભ્યશ્રીઓ ધારાસભ્યશ્રીઓ હાજરી આપશે. બેઠકમાં અગ્રણીઓના માર્ગદર્શન ઉપરાંત મોરચા અને સેલના સંગઠનની વ્યવસ્થા અને આગામી કાર્યક્રમોની રૂપરેખા નક્કી કરવામાં આવશે તેમજ આગામી લોકસભાની ચૂંટણીમાં ભાજપના સંપૂર્ણ વિજયના વિશ્વાસનો સંકલ્પ કરવામાં આવશે.

# ઈન્દિરા આવાસની દરખાસ્ત મોદી સરકારે મોકલી જ નથી : મનીષ દોશી

અમદાવાદ, તા.૨૧

ગુજરાતની ભાજપ સરકાર દ્વારા બીપીએલ પરિવાર માટે ઈન્દિરા આવાસ યોજના વર્ષ ૨૦૧૩-૧૪ના લાભાર્થીઓ માટેની દરખાસ્ત હજુ સુધી ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલયને મળી નથી પરિણામે ઈન્દિરા આવાસ યોજના લાભાર્થીઓને તેમના હકક ન મળી શકે તેવી સ્થિતિ ઉભી થઈ છે. ઈન્દિરા આવાસ યોજના માટે ગુજરાત સરકારે તાકીદે વર્ષ ૨૦૧૩-૧૪ માટે દરખાસ્ત કેન્દ્ર સરકારમાં મોકલે તે અંગેની વિગતો આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે ઈન્દિરા આવાસ યોજનાના લાભ ગુજરાતના ગરીબી રેખાથી નીચેના નાગરીકોને મળે તે માટે કેન્દ્રીયમંત્રી જયરામ રમેશે તા. ૨૦મી ઓગસ્ટના રોજ ગુજરાતના મુખ્યમંત્રીને ઉદેશીને લખેલા પત્રમાં સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે કે, ગુજરાત સરકાર તાકીદે ઈન્દિરા આવાસ યોજના અન્વયે યોજનાના લાભાર્થીઓની દરખાસ્ત તાકિદે ગ્રામીણ વિકાસ મંત્રાલય ભારત સરકારમાં જમાં કરાવે. સમગ્ર દેશમં ગુજરાત અને પંજાબ બે જ રાજ્યો એવા છે કે જેમણે વર્ષ ૨૦૧૩-૧૪ના ઈન્દિરા આવાસ યોજના માટેની દરખાસ્ત હજુ સુધી મોકલી નથી. ઈન્દિરા આવાસ યોજના માટે વર્ષ ૨૦૧૨-૧૩માં ભારત સરકારે ગુજરાતમાં રૂા. ૪૬૦ કરોડની માતબર રકમ મંજુર કરેલ હતી. વર્ષ ૨૦૧૧-૧૨માં ઈન્દિરા આવાસ યોજના અન્વયે ડાંગ અને અમદાવાદ જીલ્લામાં જ માત્ર રૂા. ૪૪૩.૭૬૨ લાખ ભારત સરકાર દ્વારા આપવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૧૩-૧૪માં ભારત સરકારે ઈન્દિરા આવાસ યોજના અન્વયે બનતા મકાન માટે અગાઉ જે ૪૫ હજાર રૂપિયા અપાતા હતા તેની સામે હવે ૭૦ હજાર રૂપિયા સામાન્ય એરીયા માટે અને સ્પેશ્યલ એરીયા માટે ૪૮,૫૦૦ની સહાયને બદલે હવે ૭૫ હજાર રૂપિયા ભારત સરકાર આપશે. પરીણામે ગરીબી રેખાથી નીચેના પરિવારો ટકાઉ મકાનો માટે રાહત રહેશે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે ૧૭ વર્ષના ભાજપના શાસનમાં અને તેમાં પણ છેલ્લા ૧૨ વર્ષના હાલના મુખ્યમંત્રીના શાસનમાં ગરીબ સામાન્ય મધ્યમવર્ગના હક્કો છીનવવામાં આવ્યા છે.

### અધિકાર રેલી. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોંગ્રેસના અધિકારીઓ પણ જોડાનાર છે. ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારના રહીશોને તેમના અધિકારથી વંચિત રાખવામાં આવ્યા છે. વિકાસની વાતો કરતા મુખ્યમંત્રીના નિવાસસ્થાન નજીક જ આટલો મોટો અન્યાય છે તેની રજુઆત આ રેલી દ્વારા કરાશે. ૨૧થી પણ વધુ પ્રશ્નો અંગે સરકાર તેમજ તંત્ર સમક્ષ વારંવાર રજુઆતો કરવા છતાં હજુ સુધી કોઈ ઉકેલ ન આવતાં યુવક કોંગ્રેસ અને એન.એસ.યુ.આઈ.એ. ગ્રામજનોના આ પ્રશ્નોને સંયુકત રીતે વાચા આપવાનો નિર્ણય કર્યો છે. આ રેલીમાં ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગામો બોરીજ, ઈન્દ્રોડા, પાલજ, ધોળાકુવા, બાસણ, આદિવાડા, ફતેપરા, ગોકુલપુરાના ગ્રામજનો, યુવાનો અને વિદ્યાર્થીઓ જોડાશે.

આ આગેવાનોએ જણાવ્યું છે કે ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ આ ગ્રામ્ય વિસ્તારોને પ્રાથમિક સુવિધાઓથી પણ વંચિત રાખવામાં આવ્યા છે. આ મુદ્દે જો સરકાર તાકીદે યોગ્ય કાર્યવાહી નહિ કરે તો ગાંધી માર્ગે આંદોલન ઉગ્ર બનાવવામાં આવશે તેવી ચેતવણી પણ આ આગેવાનોએ આપી છે.

આ કાર્યક્રમના સંયોજકશ્રી જયદિપસિંહ ઠાકોર, જીતુ રાયકા, શૈલેન્દ્રસિંહ બિહોલા, હસમુખ મકવાણા (લાલસિંહ), હર્ષજીત પંડયા, અંકિત બારોટ, ભાવેશ દેસાઈ, રાજદિપસિંહ ગોલ, યુનુસ પરમાર, જયરાજસિંહ વાઘેલા, રંજનબેન ખાંટ, ભાવના બા ચાવડા, વિરેન્દ્રસિંહ રાણા છે.

### નિમણુંકપત્રો અપાશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજયમંત્રી મંડળના મંત્રીઓ દ્વારા વિદ્યાસહાયકોને નિમણુંકપત્રો આપવામાં આવનાર છે. ૨૩મીના રોજ જિલ્લાઓમાં વિદ્યાસહાયકોને નિમણુંકપત્રો આપવાના યોજાનાર કાર્યક્રમમાં હાજરી આપવા માટે મંત્રીઓ આવતીકાલથી જિલ્લાના પ્રવાસે જનાર હોઈ હવે સચિવાલયમાં મંત્રીઓ ત્રણ દિવસ મળી શકશે નહીં.

ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે ગાંધીનગર જિલ્લો, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ અમદાવાદ જિલ્લાના ૧૩૮ જેટલા વિદ્યાસહાયકોને આ કાર્યક્રમ દરમિયાન નિમણુંક પત્રો એનાયત કરવામાં આવશે. જે વિદ્યાસહયકો છે તેમાં ગણિત, સામાજિક વિજ્ઞાન અને વિજ્ઞાન વિષયના છે.

### વાયરીંગ બળી ગયું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બની ગયા છે. ડ્રાઈવીંગ ટ્રેકમાં પણ ખામી સર્જાતા આજે વાયરીંગ બળી ગયું હતું. જેના પરિણામે ફોર વ્હીલરના ચાલકો માટે એક પણ ટેસ્ટ લઈ શકાયો ન હતો. આ ઉપરાંત કાચા લાયસન્સની પ્રક્રિયા પણ અટવાઈ પડી હતી. સોફટવેરની ખામીના લીધે કાચા લાયસન્સના અરજદારોનો કોમ્પ્યુટર ટેસ્ટ લેવાનું પણ મુશ્કેલ બન્યું હતું. ડ્રાઈવીંગ ટ્રેકની જવાબદારી સિલ્વર ટચ કંપનીને સોંપવામાં આવી છે જયારે સારથી નામના સોફટવેરની જાળવણી એન.આઈ.સી. કરે છે. છેલ્લા કેટલાક સમયથી આરટીઓ કચેરીમાં લાયસન્સ અને વાહન નોંધણી સહિતની કામગીરીમાં છાશવારે વિલંબ ઉભો થાય છે. ટેકનિકલ ખામી સર્જાતા આર.ટી.ઓ. કચેરીમાં મહત્વની કામગીરી ઠપ્પ થઈ જાય છે. અરજદારોનો સમય ન બગડે તે માટે એપોઈન્ટમેન્ટ સિસ્ટમ દાખલ કરવામાં આવી છે.

### એકાએક આગ.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રથમ મજલે ચાલતી આ શાખાનું એટીએમ સેન્ટર આ જ કોમ્પલેક્ષના ગ્રાઉન્ડ ફલૉર પર સ્થિત છે. સિક્યુરીટી ગાર્ડ સવારે સાડા આઠ વાગ્યાના અરસામાં એસબીઆઈ એટીએમ સેન્ટરની બહાર ઉભા હતા. તે દરમ્યાન અચાનક એટીએમ સેન્ટરની અંદર ધુમાડાના ગોટેગોટા બનીને બહાર આવવા લાગ્યા હતા. ગભરાઈ ગયેલા ગાર્ડ નરેશભાઈ રાવલે તાત્કાલીક બેંક મેનેજરને તથા પોલીસ અને ફાયરબ્રિગેડને જાણ કરીને બોલાવી લીધા હતા. ગાંધીનગર ફાયરબ્રિગેડના ઓફિસર મહેશ મોઢ તેમની ટીમ સાથે તાત્કાલીક સ્થળ પર પહોંચી ગયા હતા અને પાણીનો મારો ચલાવીને બીજી દુકાનો તરફ પ્રસરી રહેલી આગને કાબૂમાં લઈ લીધી હતી. સવારના અરસામાં બનેલી આગ દુર્ઘટનાથી ભારે નુકશાન મચી જવા પામી હતી. બેંક મેનેજર મનીષ જ્હાનાં કહ્યા પ્રમાણે એટીએમ મશીનમાં છેલ્લે આગ લાગ્યાના અડધા કલાક પહેલાં રૂપિયા ૧૫૦૦ ઉપડ્યા હતા. મશીનમાં કેશ રૂા. ૫,૦૯,૯૦૦ પડ્યા હતાં. કેશ બોક્ષ ફાયર પ્રુફ હોવાથી આ રૂપિયા બચી ગયા હોવાની સંભાવના મેનેજરે વ્યકત કરી છે. જો કે કેશનું સ્ટેટસ જાણવા માટે ઓથોરીરીટ પાસેથી મંજૂરી લીધા બાદ ગેસ કટરથી કેશ બોક્ષ કાવીને જોવું પડશે. જો કે આગ એટલી ભયંકર રીતે લાગી હતી કે કેશ પણ રાખ બની ગઈ હોવાની આશંકા છે. આગ દુર્ઘટનામાં એટીએમ સેન્ટરનું આખુંય ફર્નીચર તથા બંને એ.સી. બળીને ખાખ થઈ ગયા છે. કેશ સિવાય આ આગ દુર્ઘટનામાં લાખો રૂપિયાનું નુકશાન થયાનો અંદાજ છે.

#### ફાયર અલામ આગ બુઝાઈ ગયા પછી અડધા કલાકે ધણધણ્યું

એ.ટી.એમ સેન્ટરમાં આગ લાગે કે ધુમાડા થાય તો એલામ શરૂ થઈ જાય તે સિસ્ટરમ લાગેલી હતી. પરંતુ આગ બુઝાઈ ગયા બાદ જ્યારે નિરીક્ષણ ચાલી રહ્યું હતું ત્યારે અડધા કલાક પછી ફાયર એલામ ધણધણી ઉઠ્યું હતું.

#### એ.ટી.એમ સેન્ટરમાં ફાય એસ્ટીંગ્યુઝર જ નહતાં

કોમ્પલેક્ષના એટીએમ સેન્ટરમાં આગ લાગી હતી તે એ.ટી.એમ સેન્ટરમાં તો ઠીક પરંતુ આખા કોમ્પલેક્ષમાં ફાયર એસ્ટીંગ્યુઝર લગાડવામાં આવ્યા નહતાં. આગ લાગે ત્યારે પ્રાથમિક તબક્કે જ ફાયર એસ્ટીંગ્યુઝરનો મારો કરીને આગ કાબૂમાં લઈ શકાય તેવા સાધનો કે વ્યવસ્થા જ ન હોવાનું બહાર આવ્યું છે.

### તંત્ર ખડે પગે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતું. ફેન્સીંગ વિસ્તારમાં ગંદકીનું સામ્રાજ્ય વધતું જાય છે તે સામે નારાજગી વ્યક્ત કરતાં તેમણે જણાવ્યું હતું કે, લીલા નાળિયેરના વેપાર બાદ ફેન્સીંગમાં ઢગલો કરનાર વેપારીઓ સામે તંત્ર કેમ પગલાં લેતાં અચકાય છે તે હજુ સમજાતું નથી.

કમિશનરશ્રીએ આજે અત્યંત આકરા વલણ સાથે યોજેલી આ સમીક્ષા બેઠક એક કલાક કરતાં પણ વધુ ચાલી હતી. તેમણે સ્વચ્છતાની કામગીરીના મોનીટરીંગમાં પણ કોર્પોરેશનના અધિકારીઓને કડક તાકિદ કરી હતી. દરમિયાન ગાંધીનગર તાલુકાના ખોરજ ગામ નજીકની કન્સ્ટ્રક્શન સાઈટ શાંતિગ્રામના સંચાલકોને તંત્રએ સીઆરપીસીની કલમ-૧૩૩ અન્વયે નોટીસ ફટકારતાં બિલ્ડર લોબીમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

કોર્પોરેશનની સર્વેલન્સ ટીમને આજે નિર્માણભવનની કન્સ્ટ્રક્શન સાઈટ પરથી વધુ એક વખત મચ્છરોના બ્રિડીંગ વ્યાપક પ્રમાણમાં મળી આવતાં તંત્રના અધિકારીઓ ચોંકી ઉઠ્યા હતા. અધિકારીઓએ આ કન્સ્ટર્કશન સાઈટને બે દિવસની મહેતલ આપી છે અને જો આ સાઈટ પર એન્ટી લારવેલની કામગીરી નહિ કરાય તો સાઈટ સીલ કરવામાં આવશે તેમ સ્પષ્ટ જણાવી દીધું છે. સિવિલ હોસ્પિટલના ઓ.પી.ડી. યુનિટના કન્સ્ટ્રક્શન સાઈટનું કામ સંભાળતી માવાણી કન્સ્ટ્રક્શન કંપનીને પણ પોરાનાશક કામગીરી તાત્કાલિક કરવા માટે નોટીસ આપવામાં આવી છે. આમ શહેરની બે કન્સ્ટ્રક્શન સાઈટોને નોટીસ અપાતાં બિલ્ડર લોબીમાં સન્નાટો વધુ વ્યાપેલો જોવા મળી રહ્યો છે. ગાંધીનગર શહેરમાં છેલ્લા એક સપ્તાહથી જે રીતે રોગચાળાએ માથું ઉચક્યું છે તેને લઈ તંત્રના અધિકારીઓની દોડધામ વધી જવા પામી છે એટલું જ નહિ તંત્રએ સર્વેલન્સ અને પોરાનાશક કામગીરીને વધુ સઘન બનાવી છે.

## શબ્દાવલી - ૫૧૫૬

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | | ૪ | ૫ |
| | ■ | ૬ | | | | | ■ |
| ૭ | ૮ | | ■ | ■ | | ■ | ૯ |
| ■ | ૧૦ | | ■ | ૧૧ | | ૧૨ | |
| ૧૩ | | ■ | ૧૪ | | ■ | ૧૫ | |
| | ■ | ૧૬ | ■ | ૧૭ | ૧૮ | ■ | |
| ૧૯ | ૨૦ | | ■ | ૨૧ | | ■ | |
| ■ | ૨૨ | | ■ | ૨૩ | | | ■ |

### આડી ચાવી

૧. ઝાટકો, ધ્રાસકો (૩)
૩. દેવને અર્પણ થયેલ સ્ત્રી (૪)
૬. ટળવળવું તે (૫)
૭. પેરાલીલીસ, આંચકો (૩)
૧૦. ચાબખા વાગવાના... ઉઠે તે (૨)
૧૧. ગોઠવણ કરવી, ... કરવું (૪)
૧૩. લખોટી, લટકી (૨)
૧૪. ઔષધ (૨)
૧૫. ગડી, સળ (૨)
૧૭. ગુંદર (૨)
૧૯. શૉ માં મુકવાની વસ્તુનું કબાટ (૩)
૨૧. એક તેજાનાના બીયા, તીખા (૨)
૨૨. આગ, અગ્નિ (૨)
૨૩. દષ્ટિ (૩)

### ઊભી ચાવી

૧. એક ટંક અલુણુ જમવાનું વ્રત (જૈન) (૩)
૨. કોટવાળીનું કામ કરે તે (૪)
૩. દેવી-દેવતા (૨)
૪. ગામડામાં જાન સાથે રક્ષક મોકલે તે (૪)
૫. ... વાળવો, વિનાશ કરવો (૨)
૮. પરીક્ષા (૩)
૧૧. આવવું - જવું (૫)
૧૨. એક પ્રકારનું વાસણ (૨)
૧૩. શંકા - ધારણ (૩)
૧૬. શ્રીકૃષ્ણનું એક નામ (૩)
૧૮. દર્દી (૩)
૨૦. જેલ (૨)

### શબ્દાવલી ૫૧૫૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) વાસ્તવિકતા (૪) રાવ (૬) વિનવણી (૮) યાહોમ (૧૦) જગ (૧૧) તલ (૧૩) કચકચ (૧૬) દિનચર્યા (૧૮) ઘણું (૧૯) બરો (૨૦) કાચ (૨૧) શુદ્ધ (૨૨) નમક

**ઊભી ચાવી :-** (૧) વાહિયાત (૨) વિશ્રાત (૩) તાવિજ (૪) રાવ (૫) ધણીધોરી (૭) નગરચર્યા (૯) હૉલ (૧૨) વચનબદ્ધ (૧૩) કદિ (૧૪) કચરો (૧૫) સંઘર્ષ (૧૭) વાચક (૨૦) કામ